સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

નાણા સલાહકારોમાં ય હવે સળવળાટ છે,
ને અર્થશાસ્ત્રીઓમાં પણ હવે ચણભળાટ છે,
રઘવાટ છે એમને 'નોટબંધી'ની અસરનો -
તુઘલખી તુક્કાઓથી બેન્કમાં બડબડાટ છે...

હાઈકુ

'સ્ત્રી અધિકાર'
'નાગા' એ પોત પ્રકાશ્યું!
કર્યો વિરોધ!!
(પતનનું કારણ - ૩૩%)

રેલી - સભામાં,
છે રાજધાની રેઢી -
વિકાસ બંધ!
('વડા' જ મુખ્ય પ્રચારક)

ચિંતન

રાજ્ઞિ ધર્મિણિ ધર્મિષ્ઠાઃ પાપે પાપાઃ સમે સમાઃ ।
રાજાનમનુવર્તન્તે યથા રાજા તથા પ્રજાઃ ॥

ઉપરોક્ત શ્લોક ચાણક્યટમેટમાંથી લેવામાં આવેલ છે.

રાજા ધર્માત્મા હોય તો પ્રજા ધર્મનું આચરણ કરે છે. રાજા પાપી હોય તો પ્રજા પણ પાપકર્મ આચરે છે. રાજામાં ઉત્સાહનો ભાવ હોય તો પ્રજા પણ ઉત્સાહી હોય છે, કારણ કે પ્રજા હંમેશા રાજાનું અનુકરણ કરે છે.

મધ્યયુગમાં રાજા તેની પ્રજાના આદર્શ ગણાતા હતા, માટે પ્રજા પણ રાજાના પગલે ચાલવાનું પસંદ કરતી હતી. આજે પણ પ્રજા સત્તાધારીને અનુકૂળ થઈ જવામાં શાણપણ સમજે છે. લોકશાહીમાં તો 'પ્રજા એવો રાજા' કારણ કે રાજાએ પ્રજાના ટેકાથી ટકવાનું હોય છે.

આજનું પ્રધાનમંડળ, સંસદ-વિધાનસભા પ્રજાનું જ પ્રતિનિધિમંડળ કહેવાય છે. પ્રજા અશિક્ષિત, ગેરકાયદે વર્તનારી, મૂલ્યો-નીતિરીતિનો વિચ્છેદ કરનારી, ગુનાઈત માનસ ધરાવતી હોય તો તેમાંથી ચૂંટાઈને આવેલા પ્રતિનિધિ કેવા હોય? દોષ કોને દેસો ? 'યથા પ્રજા સા રાજા.'

સુવિચાર

- સંતોષ જ માણસનું માથું હંમેશા ઊંચું રાખે - **મોરારિ બાપુ**
- દિલથી થતી પ્રશંસાના શબ્દો હૃદયમાંથી નીકળે છે. જયારે ખુશામતિયા વાકયો મોઢામાંથી નીકળે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- સાચા સુખની કિંમત સમજાવવામાં જિંદગીના તોફાનો અને ઝંઝાવાતોનો ખૂબ મોટો ફાળો હોય છે - **વજુ કોટક**
- સત્યના ત્રણ અંગ છે, સત્યની ભૂખ, સત્યની ભીખ, અને સત્યનો ભેખ - **આચાર્ય મહાપ્રજ્ઞજી**
- સાધના માર્ગમાં આવતાં કષ્ટો વચ્ચે પણ ચિત્તની પ્રસન્નતાને અકબંધ રાખવી હોય તો તેનો એક માત્ર વિકલ્પ છે પરમાત્માની બિનશરતી શરણાગતિ - **જનકલ્યાણ**
- જીવનમાં અહંકારને ખૂબ મહત્ત્વ ન આપીએ, એ સમાધિ ટકાવવાનો અને સદ્‌ગતિ ને પામવાનો એક યોગ્ય વિકલ્પ છે - **જનકલ્યાણ**
- આજનું ઔષધ : વાઢીયા પડ્યા હોય તો મીણ અને દિવેલ ગરમ કરી વાઢીયામાં ભરવાથી વાઢિયા જલ્દી મટે છે.

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

ઈશ્વર, મીરાં-નરસિંહ-રામકૃષ્ણ જેવા પરમભક્તોને પ્રત્યક્ષ દેખાવા મળ્યા છે આપણી ભક્તિમાં એવું સમર્પણ નથી :

રમણ મહર્ષિ પાસે એક યુવાન ચર્ચા કરવા આવ્યો. એણે કહ્યું, 'હું માનું છું કે ઈશ્વર જેવું કંઈ છે જ નહિ, કારણ આપણે ઈશ્વરને નજરોનજર જોઈ શકતા નથી. જયાં સુધી ઈશ્વરને નજરોનજર ન જોઈએ ત્યાં સુધી એમના અસ્તિત્વ વિશે શંકા રહે.' આથી ઈશ્વર ને હું માનતો નથી. રમણ મહર્ષિએ કહ્યું, 'યુવાન તારી વાત ઠીક છે પણ હવે તું મારી વાત સાંભળ. તારું મગજ હું જોઈ શકતો નથી તેથી શું હું માની શકું કે તારે મગજ જ નથી ? તારૂં મગજ હું કે તું જોઈ શકતા નથી છતાં તેનું અસ્તિત્વ તો છે જ ને ? એ જ રીતે ઈશ્વર ભલે નજરોનજર ન દેખાય, છતાં તેનું અસ્તિત્વ તો અવશ્ય છે જ.

બાકી, ભગવાન દેખાતા નથી એટલે નથી એવું તારતમ્ય કાઢી શકાય નહીં. ઈશ્વરને જોવા માટે, સમજવા માટે 'બનતા બનાવો' ને જોવાની હકારાત્મક દૃષ્ટિ જોઈએ.

ઈસ્લામિક આતંકવાદનું પગેરું આપણા આંગણા સુધી

તંત્રીસ્થાનેથી...

ઈસ્લામિક સ્ટેટના ઓળા છેક ઘર આંગણે પહોંચી ગયા છે. ગુજરાતના એન્ટિ ટેરરિસ્ટ સ્કવૉડ અને રાજકોટ પોલીસે પ્રખ્યાત શક્તિપીઠમાં વિસ્ફોટ કરવાનું અને 'કાફિર'નું ગળું રહેંસવાનું ષડયંત્ર પકડી પાડીને ગુજરાતને મોટી કમનસીબ ઘટનામાંથી સમયસર બચાવી લીધું છે. અલ બગદાદી છેક મધ્યપૂર્વકના એક બંકરમાં બેઠો બેઠો ભારતમાં લોહીની હોળી સળગાવવાનાં સપનાં જોઈ રહ્યો છે અને એનું પગેરું ગુજરાતમાં પ્રમાણમાં કોમી એકલાસ માટે જાણીતા રાજકોટ અને ભાવનગર જેવાં સૌરાષ્ટ્રનાં શહેરોમાં મળી આવ્યું છે તે ખૂબ સૂચક છે. સીધુંસપાટ નિવૃત્ત જીવન ગાળતા યુનિવર્સિટીના નિવૃત્ત કર્મચારીના બે યુવાન પુત્રો પિતાનાં ધોળામાં દૂળ નાખવાની ખતરનાક રમત રમી રહ્યા હતા. રાજકોટના રેસકોર્સ મેદાનમાં વિસ્ફોટકોનું ટેસ્ટિંગ થાય તે પહેલાં જ બેઉ ભાઈ ઝડપાઈ ગયા છે અને પોતે આઈએસના ઈશારે મોટી ઘટનાને અંજામ આપવા માગતા હતા એવી કબૂલાત પણ કરી લીધી છે. ગુજરાત માટે આ સવિશેષ ગુજરાતના શાંતિપ્રિય લઘુમતી સમાજ માટે આ ખતરાની ઘંટડી પુરવાર થઈ શકે એવી દુર્ઘટના સાબિત થઈ હોત. સદ્‌નસીબે, કદાચ ચોટીલા ડુંગર પર બેસી આખા સૌરાષ્ટ્રની રખેવાળી કરતી ચામુંડેશ્વરીની ચમત્કારિક કૃપાથી આવી દુર્ઘટનાનો વેળાસર આગોતરો અણસાર સાંપડ્યો છે તે તમામ ગુજરાતીઓ માટે બલકે દેશ આખા માટે મોટું આશ્વાસન છે પરંતુ મોરડિયા બંધુબેલડીની ધરપકડથી આઈએસનો આતંકવાદ નિર્મૂળ થઈ ગયો એવા ભ્રમમાં રાચવાનું પોસાય એમ નથી. આઈએસ કરચલાની જેમ દુનિયાના ખૂણે ખૂણે એના પગ પસારી રહ્યું છે. એની પ્રતીતિ આ બે યુવાનો દ્વારા છેલ્લા ઘણા વખતથી ચાલી રહેલ આઈએસ સાથેના સંવનનમાં મળે છે. ગુજરાતે અને દેશ આખાએ આ મુદ્દે સાવધ રહેવાની જરૂર છે. આઈએસ તો અમેરિકા સામેય નિશાન તાકીને બેઠું છે. દુનિયા આખીમાં ઈસ્લામના નામે આતંકના ઓછાયા પાથરનારા બગદાદીને અમેરિકા અને એનાં સાથી રાષ્ટ્રો હજી સુધી જેર નથી કરી શક્યાં તે કેવી આશ્ચર્યજનક ઘટના છે! સિરિયાના નાગરિકો ગણીને અમેરિકામાં ભારતીયો પર હુમલા થવા લાગ્યા છે. ટ્રમ્પ એક તરફ ઈસ્લામિક આતંકવાદને ખતમ કરવાનાં બણગાં ફૂંકતા ફરે છે અને ઘરઆંગણે વંશીય ભેદભાવને અંજામ આપતી ક્રૂર ઘટનાઓમાં નિર્દોષ ભારતીયો પર હુમલા થઈ રહ્યા છે, એની સામે આંખમિચામણાં કરી રહ્યા છે. પાડા પાડા લડે એમાં ઝાડવાંનો ખો નીકળી જાય એવી સ્થિતિ પ્રવર્તી રહી છે. હવે જયારે ઈસ્લામિક આતંકવાદનું પગેરું છેક રાજકોટ, ચોટીલા અને ભાવનગર સુધી લંબાયું છે ત્યારે આગામી મહિનાઓમાં આવી રહેલી વિધાનસભાની ચૂંટણી પૂર્વે આવી કમનસીબ ઘટનાઓ પર કોમવાદનું રાજકારણ ન રમાય, તે જોવાની દરેક પ્રબુદ્ધ નાગરિકની ફરજ બની રહે છે. આપણે ગોધરાકાંડનાં વરવાં પરિણામો અને પ્રતિક્રિયાઓ જોયેલાં છે. ફરી વાર ગુજરાતને આતંકની આગમાં ફસાવાનું પાલવે એમ નથી, તે સમજી લેવું પડશે. આવી ઘટના પર રાજકારણનો રોટલો શેકનારને વેળાસર 'રુક જાવ!' કહેવાની ફરજ પડે એવું વાતાવરણ સમજવાની જરૂર છે.

દરેક ક્ષણે આનંદ માણવાની કળા શીખવા જેવી છે

અદબ-પલાંઠી મોં પર આંગળી
ડૉ. સંતોષ દેવકર

દરરોજની માફક આજે પણ ટાઈમ એ જ હતો. કોલેજ પૂરી કરીને લગભગ સાડાપાંચથી છ દરમિયાન ત્યાંથી પસાર થવાનું બનતું.

બરાબર આ સમયે કેટલાક નાગા-પુગા બાળકો ત્યાં રમતાં. એક મોટી ઈમારત બંધાતી હતી. ત્યાં કામ કરતાં મજૂરોના બાળકો ત્યાં નિયમિત રીતે ગાડી-ગાડી રમતા. પહેલો છોકરો એન્જિન બનતો તેનું શર્ટ પકડીને બાકીના બધાં આગળ વાળાનું શર્ટ પકડીને ગાડીના ડબ્બા બનતા અને ગાડી ગાડી રમતાં. ગાડી ચાલી છૂકપછૂકપ છૂકપ!

મારો એ રોજનો રસ્તો. હું જોતો કે એન્જિન અને ડબ્બા બદલાતા રહેતા. દરેકને એન્જિન થવું ગમે.

પરંતુ એક નાનો છોકરો જે કાયમ ગાર્ડનો ડબ્બો જ બનતો. એક નાની ટૂંકી ચડ્ડીને હાથમાં લીલો કકડો. ઉઘાડું શરીરને મસ્તીથી છૂકપ છૂકપગાડી રમતો.

આજુબાજુ રેતી-કપચી,ઈંટો પડેલી હતી. છતાં બાળકો માર્ગ કાઢીને રમત રમી લેતાં હતાં. ગમ્મત કરી લેતા હતા. આનંદ માણી લેતા હતા.

મેં કુતૂહલ વશએ છોકરાને પૂછયું, ''બેટા તારે એન્જિન નથી બનવું ?''

બધા છોકરાઓ વારાફરથી એન્જિન બનતા હતા.

છોકરાએ ખૂબજ સરળતાથી જવાબ આપ્યો. 'ના.'

'કેમ ?' મેં પૂછયું.

'હું જો એન્જિન બનું તો બાકીના બધા મારી પાછળ મારું શર્ટ પકડીને ગાડીના ડબ્બા બને. પણ મારી પાસે શર્ટ નથી.'છોકરાના ચહેરા પર ભોળપણ તરવરતું હતું. આ સાંભળીને હું સ્તબ્ધ.

હું ફટી આંખે છોકરાને જોઈ રહ્યો. છોકરો પુનઃ પોતાની મસ્તીમાં રમવા લાગ્યો. ગાડી ચાલી છૂકપછૂકપ છૂકપ!

'મારી પાસે શર્ટ નથી' —ખૂબજ સરળતાથી બોલાયેલું આ વાકય જીવનની હતાશા ખંખેરી નાખે છે. છોકરો આટલું કહીને ફરીથી ગાડી ગાડી રમવાં જતો રહ્યો. છોકરાની આંખમાં ફરિયાદ નહોતી પણ રમતનો આનંદ હતો.

આપણે એ ફરિયાદ કરવાથી ફૂરસદ નથી મેળવી શકતા કે મારી પાસે ગાડી નથી, બંગલો નથી, જમીન નથી, પૈસા નથી વગેરે વગેરે.

પોતાના વાલીને ''મારે શર્ટ જોઈએ છે. મારે એન્જિન બનવું છે. શર્ટ પહેર્યા વગર હું એન્જિન કેવી રીતે બની શકું ? મારે અત્યારે જ શર્ટ જોઈએ નહિ તો હું રમવા નહિ જાઉં.'' આવી સામાન્ય ફરિયાદ કરવાને બદલે છોકરાએ વિકલ્પ શોધીને આનંદ લેવાનું ચાલુ રાખ્યું. ગાડીનો ડબ્બો બનીને છેલ્લા રહેવાનું પસંદ કર્યું અને રમતનો આનંદ લીધો. રમતનો આનંદ મહત્ત્વનો છે. તમે છેલ્લા છો કે પહેલા એ મહત્ત્વનું નથી. ગાડીમાં બેઠા છો એ મહત્ત્વનું છે. જીવનમાં ઘણી વાર આનંદ લેવાનું ચૂકી જવાય છે અને આ હોત તો ? પેલું હોત તો ? આવું હોત તો ?મારી પાસે હોત તો ?આવું ન હોત તો ? વગેરે સવાલોમાં જિંદગી પૂરી થઈ જાય છે.

જીવનમાં બધીજ વસ્તુઓ બધાને મળે એવું શકય નથી. તેથી ફરિયાદોનો સીલસીલો ચાલુ રહે છે કે મારી પાસે બાઈક નથી, કાર નથી?.. આ નથી?પેલું નથી?.. યાદી ખૂબ લાંબી બને છે. આપણી પાસે જે છે તેનાથી જીવનને સુંદર અને મજાનું કેવી રીતે બનાવી શકાય. તેવી સમજણ કેળવવી એટલે જ જીવન જીવવાની કળા. એક નાગો-પૂગો છોકરો મને જીવન જીવવાની રીત શીખવાડી ગયો.

હું એન્જિન નથી બની શકતો પણ ગાડીનો ડબ્બો તો ચોકકસ બની જ શકું છું અને રમતનો આનંદ માણી શકું છું. ગાર્ડના ડબ્બા વગરની ટ્રેન હંમેશા અધૂરી છે અને એન્જિન હોય કે ગાડીનો ડબ્બો આનંદ તો એટલો જ આવે છે. ગાડી ચાલી છૂકપ છૂકપ છૂકપ!

દરેક ક્ષણે આનંદ માણવાની કળા શીખવા જેવી છે. ફરિયાદ બંધ થાય ત્યારે જીવનમાં આનંદની સુગંધ પ્રગટે છે. 'એ છોકરા' જેવી સમજ અને રમતનો આનંદ બધાના નસીબમાં કયાંથી ?

માણસ ખોવાયો છે! કોઈ શોધી આપોને પ્લીઝ!

વિચારયાત્રા
ડૉ. જય ઓઝા

એક અગત્યની સૂચના, માણસ ખોવાયો છે, કોઈ શોધી આપોને પ્લીઝ, આ સૃષ્ટિ રસાતાળ થવા બેઠી છે, માણસનો માણસ પરથી વિશ્વાસ ઊઠી ગયો છે. આથી જ પરિવારમાં, ઘરમાં માણસની ગેરહાજરી જોવા મળે છે અને તેમના સ્થાને પાલતું જનાવરોની સંખ્યા વધી છે.

કયાંક વાંચ્યું હતું,

જેમાં જીવન છે પણ ગતિ નથી તે વૃક્ષ છે.

જેમાં જીવન છે અને ગતિ છે, તે પશું છે.

પણ જેમાં જીવન છે, ગતિ છે અને ગતિની સાચી દિશા-પ્રગતિ છે તે મનુષ્ય છે.

પણ વ્યક્તિઓ આજે પોતાનું સ્વત્વ જ ગુમાવી દીધું છે. ગતિ છે પણ સાચી દિશા નથી, જેને આપણે પ્રગતિ માનીએ છીએ તે શું ખરેખર પ્રગતિ છે કે છદ્મજાળ છે? સમાજમાં, દુનિયામાં, ચિત્ર-વિચિત્ર, ભાત-ભાતના લોકો સાથે પનારા પાડતો વ્યક્તિ પોતાનું આગવું વ્યક્તિત્વ ભૂલ્યો છે.

દંભ અને સ્વાર્થના તાણાવાણામાં પોતે જ એવો અટવાયો છે કે હવે બહાર નથી નીકળી શકતો. ચાપલૂસીમાં રત રહેતો વ્યક્તિ ક્ષણિક સ્વાર્થ માટે કોઈકનું બૂરું કરતાં અચકાતો નથી. 'મારે શું, હું તો મારું જોઉં, બીજા જાય તેલ લેવા.'

સમયે-સમયે અને પરિસ્થિતિ પ્રમાણે સિદ્ધાંતો બદલાય છે, કયારેક દંભને ખાતર જોરશોરથી જે પ્રમાણિકતાની વાતો કરતો હોય તે જ વ્યક્તિ પોતાના સંતાનના માર્કસ વધારવા ટીચરના ઘેર જાય છે.

નબળા માણસને જોઈને જે સિંહ જેવો બની ત્રાડ પાડતો હોય છે, તે જ વ્યક્તિ તેનાથી બળુકા વ્યક્તિની જોહુકમી સામે કરગરે છે. સિંહમાંથી શિયાળ બનતા વાર નથી લાગતી.

જે મૂલ્યો, નીતિ અને સિદ્ધાંતોને ખાતર એક સમયે હો, હા કરી મૂકી હોય, તે મૂલ્યોને કોરે મૂકીને છડેચોક કાળાધંધા કરવામાં વ્યક્તિ કોઈ નાનપ નથી અનુભવતો.

ગાડી ચલાવતા મિત્ર સાથે મોબાઈલ પર દેશના કરપ્શન વિશે ગંભીર ચર્ચા કરતા વ્યક્તિને ટ્રાફિક પોલીસ પકડે ત્યારે રૂા. ૫૦ આપીને ફરી આગળ વધતો, કરપ્શનની ચર્ચા આગળ ચલાવે છે.

ડબલ ઢોલકી મેન્ટાલીટીવાળા આજનો વ્યક્તિ એક સાથે ખૂબ જ સારો અને ખૂબ જ ખરાબ ચહેરાઓ -મ્હોરાઓ લઈને ફરે છે. પરિસ્થિતિ અને સગવડ પ્રમાણે ચહેરા પરથી મ્હોરા બદલાતા રહે છે.

મૃત્યુ પામતા પહેલા જ મરેલા લોકો પોતાના પ્રેત સાથે જીવે છે, પ્રેમ, વફાદારી, ઈમાનદારીની, દુકાનદારી ચલાવે છે. આ બધી ભાવના સાથે તેનો દૂર દૂર સુધી કોઈ નાતો નથી. પણ હા, એક કલાક સુધી વફાદારી પ્રેમ વગેરે દ્વારા ભિન્ન-ભિન્ન અવતરણો ટાંકીને પ્રવચન આપી શકે છે. જેમને પોતાને એમના વચનો પર શ્રદ્ધાં નથી તે પ્રવચન આપવામાં એક્કો હોય છે.

એક મનુષ્યને મળવું છે, એક માણસને મળવું છે જે ભાવના, લાગણી, સંવેદનશીલતા જેવા વેદિયા લાગતા શબ્દો સમજતો હોય અને તેને જીવતો હોય.

ગણતરી સાથેનો કેલ્યુક્યુલેટીવ પ્રેમ થઈ ગયો છે, પ્રેમની ભાષા સમજવામાં રસ નથી, પ્રેમનું ગણિત ગણાય છે,

એક વસ્તુ જે પોતાની માટે સાચી હોય તે અન્ય વ્યક્તિ માટે ખોટી બની જાય છે, કારણ કે કયાંક ને કયાંક એમાં તેનો અહં ઘવાયો હોય છે.

અહીં દુશ્મનો અને મિત્રોની વ્યાખ્યા ઝડપથી બદલાઈ રહી છે. એક સમયનો કટ્ટર દુશ્મન કામ પડતા ખાસ મિત્ર બની જાય છે, સ્વાર્થ અને દંભની બોલબાલા સાથે મિત્રતા અને દુશ્મનીની પારાશીશી બદલાય છે.

બે મિનિટ પહેલા જ જે વ્યક્તિ સાથે લળી-લળીને વાત થતી હોય, તેના ગયા પછીની બીજી જ સેકંડે તેની નિંદા આપણા મુખમાંથી અસ્ખલિત પ્રવાહે વહે રાખે છે. સ્પષ્ટ વિચારો રહ્યા નથી આથી સ્પષ્ટ વાણી નીકળતી નથી. યુસુફ બુકવાલાનું એક મુક્તક અત્યારે યાદ આવે છે.

મેં નદી પાસેથી માંગી હતી નિર્મળતા, મળી,
ફુલ પાસેથી મેં ચાહી હતી કોમળતા, મળી,
માત્ર હમદર્દીનો યાચક થયો માનવ પાસે,
શું એ કહેવાની જરૂરત છે કે નિષ્ફળતા મળી!

અને ખબર છે! આ બધામાં ગભરાવા જેવું શું છે ? ડરવાની વાત એ છે કે હવે આ દંભ, સ્વાર્થ ચાપલૂસી, ડબલ ઢોલકીપણું માણસમાં એટલી હદ સુધી વિસ્તરી ચૂક્યું છે કે તે પોતે પણ સમજી શકતો નથી કે તેનામાં રહેલો સ્વાર્થી આત્મા કયારે શુદ્ધાત્મા પર હાવી થઈ જાય છે. 'સ્પ્લીટ પર્સનાલિટી' ધરાવતો વ્યક્તિ ખૂબ જ ખતરનાક થઈ ગયો છે.

કયારેક એક વ્યક્તિ પર પ્રેમ તો વળી એ જ વ્યક્તિ પ્રત્યે ઈર્ષ્યા, કયારેક વફાદારી કયારેક ગદ્દારી, આ બધું સહજ થઈ ગયું છે. કોઈ પણ ભેદરેખા નથી રહી, બધુ એટલી હદે મિક્સ થઈ ગયું છે કે સ્વયં પરમાત્માને પણ વર્ગીકરણ કરવામાં આવે તો ગોથે ચડે. આ હદ સુધી માણસનું વ્યક્તિત્વ પચરંગી બની ગયું છે, અને આથી જ તેને પોતાને જ ખબર નથી હોતી કે કયારે અસત્ય, દંભ અને સ્વાર્થની ટેરેટરી ચાલુ થાય છે અને કયાં પ્રેમ, સંવેદનશીલતાની ભાવનાઓ પાછળ છૂટી જાય છે.

પણ આપણે આશાવાદી રહેવાનું છે, કવિ અશોક વાજપેયી પણ એજ કહે છે કે આ બધું વિનાશના આરે જવા બેઠું છે ત્યારે એ જ માણસ બચશે જે માણસ હશે. કયો માણસ બચશે એની વ્યાખ્યા કવિએ સરળ ભાષામાં આજની પરિસ્થિતિને આનુસંગિત દૃષ્ટાંત સાથે આપી છે તે વાંચીએ, સમજીએ, અનુભવીએ અને આચરણમાં મૂકીએ.

જો બચી શકે તો તે જ બચશે
આપણા બધામાંથી થોડોક અમથો માણસ
જે રોફ સામે નથી કરગરતો
પોતાના સંતાનના માર્ગ વધારવા નથી જતો માસ્ટરને ઘરે,
જે રસ્તા પર પડેલા ઘાયલને બધા કામ છોડી
સહુથી પહેલા હોસ્પિટલે પહોંચાડવાની સંભાળ લે છે.
તે જ થોડોક અમથો માણસ
જે ઠગાય છે પણ પ્રેમ કરતા રહેવાનું નથી મૂકતો
જે પોતાની દીકરીના સારા ફોક માટે
બીજા બાળકોને થીગડીવાળા પહેરાવા લાચાર નથી કરતો.
જે દૂધમાં પાણી મેળવતા અચકાય છે.
જે પોતાની ચોપડેલી ખાતા પહેલા બીજાની સુક્કીનો વિચાર કરે છે.
તે જ થોડોક અમથો માણસ
જે વૃદ્ધ પાસે બેસતો નથી કંટાળતો અને દુનિયાને નરક બનાવી દેવા માટે બીજાને નથી ભાંડતો.
તે જ થોડોક અમથો માણસ
જો બચી શકે તો તો જ બચશે.

- jayuoza@gmail.com,
Mo. 9898046488

સન્માન કોઈ એક વ્યક્તિ - ગૃપ કે સંસ્થાનું થાય ત્યારે સહજપણે એ પ્રવૃત્તિ સંવર્ધિત થાય છે

અજવાળું - અજવાળું
તુષાર જોશી

'ઓ છોકરાઓએ અને છોકરીઓએ અદ્‌ભૂત કામ કર્યું છે.'

'ગાંધીનગરના કલાકારોનું ગૌરવ વધાર્યું છે.'

'દોઢ દાયકા કરતા વધુ સમય માટે સંસ્થાને સાતત્ય સાથે ચલાવવી એ પણ આગવી સૂઝ માંગી લે છે.'

'અમારી દીકરી સ્ટેજ પર ગરબે ઘુમે ને ઈનામો જીતે તે જોઈને આનંદ થાય છે...'

આ અને આવા અનેક ઉદ્‌ગારો કાર્યક્રમ પુરો થયે સભાગૃહમાંથી બહાર નીકળી રહેલા શ્રોતા-દર્શકોના મુખમાંથી સાહજિક સંવાદરૂપે બહાર આવી રહ્યા હતા.

પ્રસંગ હતો, ગાંધીનગરની જાણીતી કલાસંસ્થા પનઘટ કલાકેન્દ્ર દ્વારા તેના કલાકારોના સન્માનનો. આ અવસરે જાણીતા ગાયકો ગાર્ગી વોરા અને હિમાલી વ્યાસ તથા સંચાલક ડૉ. માર્ગી હાથીએ સૂર-શબ્દની પ્રસ્તુતિ કરી હતી. દોઢ દાયકા કરતા વધુ સમયથી ગાંધીનગરથી લઈને અનેક રાષ્ટ્રીય અને રાજય કક્ષાના કાર્યક્રમોમાં નૃત્ય પ્રસ્તુતિ કરી ચૂકેલા કલાકારોનું સન્માન કરાયું ત્યારે સભાગૃહ તાળીઓથી ગુંજી ઊઠ્યો હતો.

અસીમ સ્નેહ-અદ્‌ભૂત સમર્પણ અને અમાપ શક્તિના અગાધ સ્ત્રોત રૂપી સ્ત્રીના દીકરીથી લઈને દેવી સ્વરુપ સુધીના નોખા-અનોખા સ્વરુપોને સ્વર અને નર્તન દ્વારા પ્રસ્તુત કરાયા હતા. આ કાર્યક્રમમાં... આ અવસરે પનઘટ પરિવારના સભ્યોનું સન્માન અને અભિવાદન પણ કરાયું હતું.

મુખ્ય માહિતિ કમિશ્નર વી.એસ. ગઢવી, ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા,ગુજરાત લોકકલા ફાઉન્ડેશનના અધ્યક્ષ અને સ્થાપક જોરાવરસિંહ જાદવ, કલાક્ષેત્રના અગ્રણીઓ જયરાજસિંહ સરવૈયા, નયનેશ જોશી, કલ્પેશ દલાલ સહિતના કલાપ્રેમીઓએ નૃત્ય અને સ્વર પ્રસ્તુતિને માણી હતી. કાર્યક્રમને માણ્યા બાદ સહુને જાણે કે નારીત્વને નીરખવાની અનેક નવી દૃષ્ટિ મળી હતી.

પનઘટ સંસ્થાના આરંભની ક્ષણોનું સ્મરણ કરતા સ્થાપક ભાવિન પટેલ કહે છે... વર્ષ ૨૦૦૧નો એ સમય હતો. કૉલેજમાં ભણતા હતા. ૩ છોકરાને એક છોકરીએ સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં કૉલેજમાં ભાગ લીધો, નેશનલ લેવલે પ્રથમક્રમ મેળવ્યો. સાથે બેઠા હતા તે ઘટમાં ઘોડા જાણે થનગનતા હતા કે કાંઈક સરસ કામ કરવું છે, એમને એક સંસ્થા બનાવી, ભાવિન પટેલ, દિવ્યાંગ વાઘેલા અને જયદીપ સોલંકી. મુખ્ય ત્રણ મિત્રો વ્યવસ્થામાં રહ્યા... પનઘટ સંસ્થાનું કામ આમ શરૂ થયું... યુવા મિત્રો જોડાતા ગયા ને સફર આગળ વધતી ગઈ.

પ્રાચીન-અર્વાચીન ગરબા સ્પર્ધામાં અને કાર્યક્રમોમાં રાજય અને જિલ્લાકક્ષાએ ભાગ લેતા થયા... ઈનામો મેળવતા થયા.... મિત્રો-સાથીઓ વ્યવસાય અર્થે શહેર છોડતા ગયા તો સ્મરણથી સાથે રહ્યા. ગાંધીનગર શહેરમાાં સાતત્યપૂર્ણ પ્રવૃત્તિ થતી રહી... ગરબાના મૂળ સ્વરુપને - નૃત્યના મૂળ સ્વરુપને સાચવવાની સાથે સાથે નવા કોમ્પોઝીશન્સ પણ લાવ્યા. અત્યાર સુધીમાં એટલે કે છેલ્લા ૧૫-૧૬ વર્ષોમાં સમયનો - પૈસાનો ભોગ અપાયો તો સામે પક્ષે શ્રેષ્ઠ કામ કર્યાનો સંતોષ-નામ-દામ અને કામ મળ્યા. અંદાજે ૪૦૦ જેટલા કલાકારો અત્યાર સુધીમાં આ ગ્રુપમાં કામ કરી રહ્યા છે.

આજે આ ગ્રુપમાં ગરબા પરફોર્મ કરનારી દીકરીઓમાં ૪ ડૉકટર છે, કેટલીક એન્જીનીયર અને સાયન્ટીસ્ટ છે ને કોઈ વળી કોર્પોરેટ કંપનીમાં જોબ કરે છે. મોટાભાગની દીકરીઓ કથ્થક-ભરત નાટ્યમ કે ગાયન-વાદન શીખી રહી છે. લગ્ન થયા બાદ પણ એ જ ગ્રુપમાં ગરબા રમવાનું સદ્‌ભાગ્ય મેળવનાર દીકરીઓ પણ છે.

૨૦૦૧માં નવા વર્ષથી શરૂ થયેલી નૃત્ય પાત્રાએ રાજભવન અને રાષ્ટ્રપતિ ભવન, તથા અનેક મહત્ત્વના સ્થળો પર અને કાર્યક્રમોમાં નૃત્ય પ્રસ્તુતિ કરી છે. રણોત્સવ-નવરાત્રી મહોત્સવ-કાંકરીયા કાર્નિવલ, પતંગોત્સવ - માતૃવંદના - વાઈબ્રન્ટ મહોત્સવ અને પાવાગઢ મહોતસ્વ સહિતના અનેક જાણીતા ઉત્સવોમાં આ ગૃપે નૃત્ય પ્રસ્તુતિ કરી છે.

સામાજિક - ધાર્મિક ઉત્સવોમાં - કોર્પોરેટ ઈવેન્ટમાં - ૨૬મી જાન્યુઆરી - પહેલી મે અને ૧૫મી ઓગસ્ટના પ્રજાકીય ઉત્સવોમાં આ કલાકારોની નૃત્ય ગુંથણી પ્રસ્તુત થઈ છે અને કલા ચાહકોએ કલાકારોને બિરદાવ્યા છે.

યુવા કલાકારો એમનો અભ્યાસ - વ્યવસાયિક કારકિર્દીને પુરતો ન્યાય આપીને પોતાની મનપસંદ એવી કલા પ્રવૃત્તિમાં સમય આપે છે ને આનંદ અનુભવે છે.

કોઈ એક નગરના કલાકારો ભેગા થાય - કામ કરે એ વાત કાંઈ નવી નથી, મોટા ભાગે પ્રત્યેક નગરમાં આવું થતું જ હોય છે. પણ અહીં સંવેદનશીલ વાત એ બની કે સંસ્થાએ પોતાના ૩૧ કલાકારોનું સન્માન કર્યું. આ સન્માન-લાગણી અને ઉમળકાના બે શબ્દ એમને વધુ મહેનત કરવા, નવા લક્ષ્ય હાંસલ કરવા પ્રેરિત કરશે અને સરવાળે ગુજરાતની કલા અને કલાકારોની વાત વધુ લોકો સુધી પહોંચશે.

કલાના અનેક સ્વરુપો છે - એના વાહકો જયારે માત્ર કરવા ખાતર નહિ પરંતુ સમર્પણ સાથે આ કલા પ્રવૃત્તિને આત્મસાત કરે ત્યારે એને વધારનારા - પીઠ થાબડનારા એમને પ્રોત્સાહિત કરે છે, પરિણામે એક નોખું જ ઉર્જા વિશ્વ ઊભું થાય છે, પ્રવૃત્તિ કરનારાઓમાં વધુ જોમ અને જુસ્સો પ્રગટે છે. ચે તો વિસ્તાર વિસ્તરે છે અને પોતે જે કાંઈ કરી રહ્યા છે તે ટાઈમ પાસ નથી એની અનુભૂતિ પણ થાય છે.

યોગ્ય સમયે યોગ્ય કલાકારોનું ઉચિત સન્માન થાય ત્યારે નૂતન પ્રેરણાના દીવડા ઝળહળે છે ને કલા પ્રવૃત્તિના વિશ્વમાં અજવાળા રેલાય છે.

લાઈટ હાઉસ :

સન્માન કોઈ એક વ્યક્તિ - ગૃપ કે સંસ્થાનું થાય ત્યારે સહજપણે એ પ્રવૃત્તિ સંવર્ધિત થાય છે.